
# દેવે હંમેશા પોતાની પ્રતિજ્ઞા પાળી છે જૂના કરારના ઐતિહાસિક પુસ્તકો.

બાળકોને શીખવનારે અભ્યાસ વાંચી જવો.


## ૧. ઐતિહાસિક પુસ્તકો અંગે શીખવતી વખતે પ્રાર્થના અને દેવના વચન વડે તૈયારી કરવી.

**પ્રાર્થના :** દેવ પ્રભુ, યુગોથી તમે તમારા લોકોને વિશ્વાસુ રહ્યાં છો. આજે હું અને મારા લોક તમારા પર વિશ્વાસ કરતા શીખીએ અને પાછળ અમારા બાળકો પણ તેનું અનુસરણ કરે તેવું થવા દો.

નીચેના આલેખમાં જે આંકડા છે તે પ્રભુ ઈસુના જન્મ પહેલાંના વર્ષો બતાવે છે. આંકડાઓની સામે પુસ્તકના નામો છે. દરેક પુસ્તકોમાંની જાણીતી કલમ બતાવે છે કે નવો કરાર બધા ઐતિહાસિક પુસ્તકો સાથે સંબંધ ધરાવે છે.




**૧૪૦૬ થી ૧૩૮૩** કનાનની જીત વખતે **યહોશુઆએ** આગેવાની કરી. જુઓ ૧:૭ તેઓ સંપૂર્ણપણે દેવને આધિન થયા ત્યારે જ તેમને વિજય મળ્યો. યહો ૬:૨૨-૨૫ માંથી રાહાબની વાત **હેબ્રી ૧૧:૩૧**માં નવા કરારમાં ટાંકવામાં આવી છે તે જૂઓ.



**૧૩૮૯ થી ૧૦૪૫** ઈસ્ત્રાએલીઓના ૩૦૦ વર્ષના અનાજ્ઞાકારીપણાના સમયમાં **ન્યાયાધિશો** સ્થાનિક આગેવાનો, સાહસવીરો અને મુક્તિદાતાઓ હતા.જુઓ ન્યાયાધીશ ૧૬:૬, હેબ્રી ૧૧:૩૩માં શામશૂનનો ઉલ્લેખ ન્યા.૧૪:૫-૬માંથી છે.

**૧૧૦૦. રૂથ** એક વિદેશી સ્ત્રી જેણે ઈસ્ત્રાએલના દેવને આધીન થઈ બોઆઝ સાથે લગ્ન કર્યું જે દાઉદનો અને પ્રભુ ઈસુનો પૂર્વજ હતો રૂથ૧:૧૬ જુઓ. માત્થી.૧-૫માં બોઆઝ અને રૂથના નામ છે. **૧૧૦૦ થી ૧૦૧૦ ૧ શમૂએલ** પ્રબોધક, શાઉલ રાજાનું રાજ્ય અને પતન અને દાઉદનો ઉદય તેનુ વિવરણ છે. જુઓ ૧૫:૨૨ પ્રેરિત-૧૩ ને ૨૨ માં પ્રભુ ઈસુના શબ્દો ૧ શમુએલ ૧૩-૧૪ માંથી લીધેલા છે.

**૧૦૧૦ થી ૯૭૦ ૨ શમુએલ :** તેમાં દાઉદરાજાના ઘણાં વિજયો, તેના પાપ અને નિષ્ફળતાઓ, અને તેની રાજકીય મુસિબતોનો સમાવેશ થાય છે. ૨ શમુએલ ૭-૯, **૨ કોરંથી ૬:૧૮** આપણે ખ્રિસ્તીઓને લાગુ પડે છે. તેમાં દેવની પ્રતિજ્ઞા દાઉદના વંશજોને ૨ શમુએલ ૭:૮ તેમજ ૧૪ પ્રમાણે છે.

**૧૦૧૦-૯૭૦ ૧ કાળવૃતાંતઃ** તેમાં દાઉદ રાજાના રાજ્યનું વિવરણ છે. જુઓ ૧ કાળવૃતાતંત ૪:૧૦,૧ કાળ૧૭:૧૧ અને ૧૩ માં દાઉદને જે પ્રતિજ્ઞા આપવામાં આવી છે તે હેબ્રી ૧:૫ પ્રમાણે પ્રભુઈસુને લાગુ પડે છે.

**૯૭૦-૫૩૮ બીજુ કાળવૃતાંત-** ઈસ્ત્રાએલ અને યહુદાના રાજાઓનું રાજ જે સુલેમાનના રાજ્યાભિષેકથી યહુદાના પતન સુધી અને ઈરાનના રાજા કોરેશ ના ઈ.સ. પૂર્વે ૫૩૮ માં યરૂશાલેમના મંદિર બાંધવાના હુકમ સુધીનું વિવરણ છે. ૨ કાળવૃતાંત ૧૩-૧૦ જુઓ તે સાથે ૨ કાળવૃતાંત ૨૪:૨૦-૨૧ જે પ્રભુ ઈસુ માત્થી ૨૩:૩૫ માં યાદ કરે છે તે વાંચો.

**૯૭૦-૮૫૩** ૧ રાજાઓ તેમાં સુલેમાન રાજાનું રાજ, રાજ્યના બે ભાગલા, ઉત્તરમાં ઈસ્ત્રાએલનું રાજ અને દક્ષિણમાં યહુદાનું રાજ અને એલીયાહ પ્રબોધકની કારકિર્દી ૧ રાજા૩:૯ જુઓ, તે સાથે ૧ રાજા ૧૯:૧૦ ૧૪ અને ૧૮ કે જે **રૂમી ૧૧:૩ અને ૪** માં નોંધવામાં આવેલ છે તે જુઓ.

**૮૫૩-૫૬૧ ૨ રાજાઓ.** તેમાં એલીશા પ્રબોધકની કારકિર્દી તેમજ ઈસ્ત્રાએલ અને યહુદાના ન્યાયી અને ભુંડા રાજાઓના રાજની વિગતો આપવામાં આવેલ છે. ૨ રાજા.**૧૯ :૧૫** જુઓ ઈસ્ત્રાએલના લોકોને આશરે ઈ.સ. પૂર્વે ૭૨૨ માં આશ્શુરમાં અને યહુદાના લોકોને આશરે ઈ.સ. પૂર્વે ૫૬૧માં બેબીલોનમાં લઈ જવામાં આવ્યા હતા. ૨ રાજા ૫:૧થી ૨૭માં અરામનો સેનાપતિ ઈશ્વરની આજ્ઞા માનવાથી સાજો થયોહતો. તેને ઉલ્લેખ **લુક-૪:૨૭**માં છે તે જુઓ.

**૫૩૮થી૫૬૦ અને૪૫૮-૪૫૭ સુધી એઝરા :-** તેમાં બંદીવાસમાંથી યહુદા દેશમાં પાછા ફરવાની પ્રતિજ્ઞા પ્રમાણે પ્રથમ જુથ ઝરૂબાબેલની આગેવાની નીચે અને બીજુ જુથ એઝરાની આગેવાની નીચે પાછુ ફર્યુ તેની વિગતો છો. એઝરા **૩:૧૧** જુઓ **લુક ૨૧ :૨૪**માં પ્રભુઈસુએ વિશ્વાસીઓને થનારી સજાનો ઉલ્લેખ કર્યા છે.

**૪૮૩ થી ૪૭૩ એસ્તરનું પુસ્તક :** તેમાં બેબીલોનના રાજાની યહુદી રાણી એસ્તરે બંદીવાન યહુદીઓને તેમના શત્રુઓ દ્વારા સંપૂર્ણ નષ્ટ કરી નાખવાથી બચાવવા માટે જે મધ્યસ્થીનો ભાગ ભજવ્યો તેનું વિવરણ છે. જુઓ એસ્તર ૪-૧૪ મુર્ખ રાજા હેરોદે માર્ક ૬-૨૩માં એસ્તર ૫-૩ અને ૬ ના શબ્દોનો ઉપયોગ કર્યો છે.

**૪૪૪ થી ૪૨૫- નહેમ્યાનું પુસ્તક :** તેમાં નહેમ્યા સાથે યરૂશાલેમ પાછા ફરેલા બીજા બંદીવોનો કે જેઓને બેબીલોનના રાજા આર્તાહશાસ્તા - (૧) એ યરૂશાલેમનો કોટ બાંધવાનો હુકમ આપ્યો હતો તેનું વિવરણ છે. નહેમ્યાહ૮:૧૦ જુઓ નવા કરારમાં નહેમ્યા ૯:૧૫ના શબ્દો પ્રભુ ઈસુ પોતા માટે વાપરે છે. તે યોહાન ૬:૩૧માં લખવામાં આવેલું છે તે જુઓ.

## ૨. અગામી અઠવાડિયા માટે તમારા સાથીદારો સાથે પ્રવૃત્તિઓનું આયોજન કરો.

તમારા શીખનારાઓને ઐતિહાસિક પુસ્તકોના (બાઈબલના) નામ અને મુખ્ય વિષયો શોધવા અને તેનો અભ્યાસ કરવામાં મદદ કરો.

ઐતિહાસિક પુસ્તકોમાંથી બાઈબલના સાહસવીરો જેવા કે યહોશુઆ, રૂથ, ગીદયોન,શામશુન,દાઉદ,

શમુએલ, એલીયાહ, એલીશા અને નહેમ્યા વિષે જાણો અને જ્યારે તમે તમારાં ભાઈઓની મુલાકાત લો ત્યારે આ વાર્તાઓ કહો.

**૩. તમારા સાથીદારો સાથે હવેની ભજન સેવાનું આયોજન કરો.**

ભાગ-૨ માંથી તમે તૈયાર કરેલ વાર્તાઓ માંથી કોઈ એક સમજાવો અથવા ભજવી બતાવો.

**બાળકો**એ જે તૈયાર કર્યુ હોય તે રજુ કરવા દો.

**પ્રભુની મેજ**ની સેવા માટે ૧શમૂ૧૫:૨૨ વાંચો. સમજાવો કે જૂના કરારના પશુઓના બલિદાનો પ્રભુ ઈસુ વિષે બોલતા હતા. જો લોકો સાચા પસ્તાવા અને વિશ્વાસ વગર ફક્ત એક વિધિ તરીકે તેઓને પાળે તો તેઓનું કોઈ મહત્વ નહતું તે જ રીતે વિશ્વાસ અને ભંગિત હૃદય વગર મેજમાં ભાગ લેવાનો અર્થ નથી.

બે કે ત્રણના **નાના જૂથ**માં માંદાઓ માટે પ્રાર્થના કરવી. નજીક વસતા લોકના જુથો માટે તેમજ મંડળીના આગેવાનો માટે પ્રાર્થના કરવી.

યહોશુઆ૧ :૭ બધા સાથે **મુખપાઠ કરો.**

| ન્યાયાધિશોના સમયના બનાવો તે સમયગાળો ન્યાયાધિશોના પુસ્તક પ્રમાણે | વર્ષો |
|---|---|
| ઈસ્ત્રોલપુત્રોએ કુશાન રિશઆથાઈમની સેવા કરી ૩:૭-૮ | ૮ |
| ઓથ્નીએલ દ્વારા થયેલ છુટકારા પછી શાંતિ ૩:૭-૧૧ | ૪૦ |
| ઈસ્ત્રાએલે મોઆબની સેવા કરી. ૩:૧૨ | ૧૮ |
| એહૂદે છોડાવ્યા પછીનો શાંતિગાળો ૩:૧૨-૩૦ | ૮૦ |
| શામ્ગારે પલિસ્તીઓથી છોડાવ્યા. ૩:૩૧ | ૧ |
| ઈસ્ત્રાએલે કનાનની સેવા કરી. ૪:૧-૩ | ૨૦ |
| દબોરાહ અને બારાક દ્વારા છુટકારા પછી શાંતિ ૪:૧થી૫:૩ | ૪૦ |
| અબિમેલેખ -ઈસ્ત્રાએલનો રાજા ૯:૧-૫૭ | ૩ |
| તોલાની કારકિર્દી. ૧૦:૧-૨ | ૨૩ |
| યાઈરની કારકીર્દી. ૧૦:૩-૫ | ૨૨ |
| ઈસ્ત્રાએલીઓ આમ્મોન અને પલિસ્તિઓની સેવા કરે છે. ૧૦:૮-૧૦ | ૧૮ |
| યિફતાહની કારકિર્દી ૧૦:૮થી ૧૨:૭ | ૬ |
| ઈબ્ઝાનની કારકિર્દી. ૧૨:૮-૧૦ | ૭ |
| એલોનની કારકિર્દી. ૧૨:૧૧-૧૨ | ૧૦ |
| ઈસ્ત્રાએલે પલિસ્તિઓની સેવા કરી. ૧૩:૧ | ૪૦ |
| શામશૂનની કારકિર્દી ૧૩:૧ થી ૧૬:૩૧ | ૨૦ |
| નેલ્સનની કમ્પલેટ બુક ઓ ફ બાયબલ મેપ્સ એન્ડ ચાર્ટસ ૧૯૯૩ થોમસ નેલ્સન માંથી<br>*From Nelson's Complete Book of Bible Maps and Charts © 1993 Thomas Nelson* | |

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net